# RTE હેઠળ 3,066 બેઠક ખાલી, 134 શાળા વિદ્યાર્થી વિહોણી

**સુરતમાં વાલીઓની પ્રથમ પસંદ પ્રતિષ્ઠિત અંગ્રેજી માધ્યમની શાળાઓ બનતાં આ સ્થિતિનું નિર્માણ થયું**

સુરત: ગરીબ અને વંચિત વર્ગનાં બાળકોને ખાનગી શાળાઓમાં મફત શિક્ષણ આપવાના હેતુથી અમલમાં રહેલા રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ હેઠળ શૈક્ષણિક વર્ષ 2026-27ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે એક તરફ હજારો બાળકોને પ્રવેશ મળ્યો હોવા છતાં બીજી તરફ ઉપલબ્ધ બેઠકોનો સંપૂર્ણ ઉપયોગ થઈ શક્યો નથી. ચાર રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મળીને 3,066 બેઠકો ખાલી રહી ગઈ છે.

આ વર્ષે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ 16,935 બેઠકો સામે 13,869 વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કર્યો છે. એટલે કે આશરે 18 ટકા બેઠકો ખાલી રહી ગઈ છે. આ આંકડો દર્શાવે છે કે RTE હેઠળ બેઠકો ઉપલબ્ધ હોવા છતાં તમામ બેઠકો પર વિદ્યાર્થીઓ પહોંચ્યા નથી. ખાલી બેઠકોનું સૌથી મોટું કારણ વાલીઓની શાળા પસંદગી માનવામાં આવી રહ્યું છે. સુરત શહેરની 94 અને ગ્રામ્ય વિસ્તારની 40 સહિત કુલ 134 ખાનગી પ્રાથમિક શાળાઓ એવી રહી જ્યાં એકપણ વિદ્યાર્થીએ RTE હેઠળ પ્રવેશ લીધો નથી. એટલે કે આ શાળાઓમાં ઝીરો એડમિશન નોંધાયું છે.



શિક્ષણ ક્ષેત્રના સૂત્રોના જણાવ્યા મુજબ, RTE હેઠળ વાલીઓને પસંદગીની શાળા પસંદ કરવાનો વિકલ્પ મળતો હોવાથી મોટાભાગના વાલીઓ જાણીતી, પ્રતિષ્ઠિત અને સારી સુવિધા ધરાવતી શાળાઓને પ્રાથમિકતા આપે છે. પરિણામે લોકપ્રિય શાળાઓમાં ઉપલબ્ધ બેઠકો કરતાં અનેકગણી અરજીઓ નોંધાઈ હતી, જ્યારે ઓછી જાણીતી અથવા શહેરથી દૂર આવેલી શાળાઓમાં એકપણ વિદ્યાર્થી પહોંચ્યો નથી. ખાસ કરીને અંગ્રેજી માધ્યમની શાળાઓ તરફ વાલીઓનો ઝોક સતત વધી રહ્યો છે. બીજી તરફ ઝીરો પ્રવેશ ધરાવતી શાળાઓમાં મોટાભાગની ગુજરાતી તથા અન્ય ભાષાકીય માધ્યમની શાળાઓનો સમાવેશ થતો હોવાનું જાણવા મળે છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૧ | | ૯ | | ૬ | ૫ | |
| ૩ | ૫ | | | | | ૧ | ૪ | ૯ |
| ૨ | ૪ | | | | ૬ | | | ૮ |
| | | | ૬ | ૩ | ૧ | ૮ | ૨ | |
| | ૬ | | ૯ | ૫ | ૭ | | | ૪ |
| | ૩ | ૭ | ૨ | ૮ | ૪ | ૯ | | ૫ |
| | | ૩ | | | ૯ | ૫ | ૮ | |
| | | ૮ | ૩ | ૬ | | ૪ | | ૧ |
| | | ૫ | ૭ | ૪ | | ૨ | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાના છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસમાં દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોલમમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## આજનું પંચાંગ

**તા. 14/07/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: અમવાસ: 15:15
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 23
**યોગ :** વ્યાઘાત **કરણ:** કિસ્તુઘ્ન
**નક્ષત્ર :** પુનર્વસુ: 24:11
**રાશિ:** મીથુન (ક,છ,ઘ) 18:56 પછી કર્ક (ડ,હ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
**નવકારસી :** 06:54
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 04થો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 28મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુકાળ:** બપોરે:- 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરનારાએ સાવધાન રહેવું. અચાનક નોકરીની તક મળે. પ્રવાસ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** મજાક મસ્તી ટાળવી. ઉધાર લેવા દેવાનું ટાળવું. ખાવા-પીવાનાં શોખિનોને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** જેની રાહ જોતા હો તેવા સમાચાર લાંબા સમય પછી મળે. સ્થળાંતરની તૈયારી થાય. મન અશાંત.

**કર્ક (ડ,હ,):** પ્રતિકૂળ પરિસ્થિતિમાં સાવધાની રાખવી. વિદ્યાર્થીઓએ ભણવામાં ધ્યાન રાખવું. પોલીસ લફરાથી સાવધાન.

**સિંહ (મ,ટ,):** હકારાત્મક વિચારો અને મિત્રોની મદદથી કૌટુંબિક કામ થાય. સંતાનો સાથે ઘર્ષણ ટાળવું.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં પ્રમોશન કે પ્રગતિ થાય. ધંધામાં આવક વધે. સમસ્યાઓનું સમાધાન થાય. આવક વધે.

**તુલા (ર,ત,):** વડીલોની મદદ મળે. પિતાના વ્યવસાયમાં મદદરૂપ બનશો. ઉચ્ચ શિક્ષણમાં તક માટે પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** કામ કરવાની પધ્ધતિને વળગી રહેવું. ઉપરી વર્ગનું દબાણ આવે. સરકારી નોકરિયાતે દબાણમાં રહેવું પડે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વ્યાવસાયિક પ્રગતિથી ઉત્સાહ વધશે. મિત્રો-પરિવારનો સાથ રહેવાથી સામાજિક સમસ્યાનો નિકાલ.

**મકર (ખ,જ,):** ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નોકરી માટે નવી જવાબદારી મળે. હરીફોથી સાવધાન રહેવું.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વિદ્યાર્થીઓએ અભ્યાસમાં ધ્યાન રાખવું. ઘરનાં નાનાં બાળકોને મદદરૂપ બનશો.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળે. રાજકીય સંબંધોનો લાભ મળે. આવક વધારવાની તક મળે.

### કોઈ પણ સાલમાં 14 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી નવા ફેરફાર, વધારાની જવાબદારી અને હરીફોની દખલગીરી માનસિક ત્રાસ વધારશે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મિશ્ર રહે. માટે સાવધાની રાખવી. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. ઉંમરલાયકના વિવાહ થાય, પણ પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશનો કામ ધીમાં પડશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે માર્ગદર્શન મળે. અને મહેનતનું ફળ મળે. મિત્રો-વડીલોની મદદ નવા વેપાર ધંધામાં મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05,14,23 તારીખે નવા કામ કરવા. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ, શનિવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવો. કાળો અને લાલ રંગ ટાળવો. બુધવારના ઉપાય કરતા રહેવું.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**પેશાબ છૂટથી લાવવા**

દોદરા વાટેલા ગોખરુ 15g લઈ 150 મીલી પાણીમાં ઉકાળી 75 મીલી થાય ત્યારે ગાળી લઇ તેમાં એક ગ્રામ જવખાર ઉમેરી સવારમાં પીવાથી, પેશાબ છૂટથી આવશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### હવે અમેરિકા હોર્મુઝનું...

અથડામણો બાદ ઈરાન સાથે તણાવ સતત વધી રહ્યો છે. ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર લખ્યું, “હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી છે, અને ઈરાન હોય કે ન હોય, તે ખુલ્લી જ રહેશે. અમે ફરીથી ‘ધ ઈરાનિયન બ્લોકેડ’ લાગુ કરી રહ્યા છીએ, આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કારણ કે તે માત્ર ઈરાનના જહાજો અથવા તેના ગ્રાહકોને આવતા કે જતાં રોકે છે. બાકીના તમામ દેશો આ સામુદ્રધુનીનો મુક્ત અને વાજબી ઉપયોગ કરી શકશે.

અમેરિકી પ્રમુખે આગળ જાહેરાત કરી કે અમેરિકા હોર્મુઝની સામુદ્રધુનીનું “રક્ષક” બનશે અને જણાવ્યું કે આ શિપિંગ લેનનો ઉપયોગ કરનારા દેશોએ તેની સુરક્ષાનો ખર્ચ ભોગવવો જોઈએ. તેમણે કહ્યું, “અમેરિકાને હવેથી ‘ધ ગાર્ડિયન ઓફ ધ હોર્મુઝ સ્ટ્રેટ’ (હોર્મુઝ સામુદ્રધુનીના રક્ષક) તરીકે ઓળખવામાં આવશે. પરંતુ આ હોદ્દાને કારણે અને ન્યાયીપણાના નિયમ મુજબ, વિશ્વના આ અત્યંત અસ્થિર વિસ્તારને સુરક્ષા અને સલામતી પૂરી પાડવા માટે જરૂરી તમામ ખર્ચ પેટે, વહન કરવામાં આવતા તમામ માલસામાન પર 20% ના દરે વળતર લેવામાં આવશે.” તેમણે ઉમેર્યું કે “આ પ્રક્રિયા અને તેની રચના તાત્કાલિક શરૂ કરવામાં આવશે. હોર્મુઝની સામુદ્રધુની પર્સિયન ખાડીને ઓમાનની ખાડી સાથે જોડે છે અને તે વૈશ્વિક તેલ અને પ્રવાહી કુદરતી ગેસ (LNG)ના આશરે પાંચમા ભાગના પરિવહન જથ્થાનું વહન કરે છે. આ સાંકડા જળમાર્ગ દ્વારા થતા ટ્રાફિકમાં કોઈપણ વિક્ષેપની સીધી અસર ઉર્જા બજારો અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર પડે છે.

ટ્રમ્પની ટ્રૂથ સોશિયલ પોસ્ટ ફોક્સ ન્યૂઝ સાથેના ફોન ઈન્ટરવ્યુમાં તેમણે કરેલી ટિપ્પણીઓ બાદ આવી છે, જેમાં તેમણે સૌપ્રથમ દરખાસ્ત કરી હતી કે અમેરિકાએ આ વ્યૂહાત્મક ચોકપોઈન્ટ પર અસરકારક રીતે નિયંત્રણ મેળવવું જોઈએ.

તેમણે કહ્યું, “આપણે આ સામુદ્રધુનીને આપણી પાસે રાખીશું અને કદાચ આપણે જ તેને ચલાવીશું. આપણે આ સામુદ્રધુનીના રક્ષક બનીશું. કદાચ આપણે તેને સામુદ્રધુનીના ગાર્ડિયન એન્જલ (રક્ષક દેવદૂત) કહીશું. અને તેના માટે આપણને વળતર મળવું જોઈએ.”

ઈરાન વાટાઘાટોમાં વારંવાર વલણ બદલતું હોવાનો ટ્રમ્પનો આક્ષેપ

ફોક્સ ન્યૂઝના ઈન્ટરવ્યુ દરમિયાન, ટ્રમ્પે ઈરાન પર વાટાઘાટો દરમિયાન વારંવાર પોતાનું વલણ બદલવાનો આરોપ પણ લગાવ્યો હતો, અને દાવો કર્યો હતો કે તેહરાને સમજૂતીઓ થઈ ગયા પછી પણ જાણીજોઈને વાટાઘાટોને લંબાવી હતી. તેમણે કહ્યું, “ગઈકાલે, તેઓની 11 કલાકની બેઠક હતી.... તેઓ એક મિનિટમાં એક વાક્ય પર પણ સ્થિર રહી શકતા નથી.” “ગઈકાલે બધું જ નક્કી થઈ ગયું હતું અને પછી તેઓ રૂમની બહાર ગયા અને પાછો ફોન કરીને કહ્યું, ‘આપણે થોડા ફેરફારો કરવા પડશે.’ ફેરફારો? અમે કોઈ ફેરફારો કરવાના નથી. તેઓ માત્ર વ્યાવસાયિક વાટાઘાટકારો છે. તે સિવાય તેઓ કંઈ નથી.”

### ઇરાનનો આકરો...

કરાશે. ઇરાને આસપાસના પ્રાદેશિક દેશોને પણ ચેતવણી આપી છે કે જો કોઈ દેશે આ મામલે વોશિંગ્ટનને સહકાર આપ્યો, તો તેને ‘ઇરાન સામે યુદ્ધ’ ગણવામાં આવશે અને તેનાથી ભડકનારી જંગ માટે અમેરિકા જ જવાબદાર રહેશે.

### E20 પેટ્રોલ સામે...

સમર્થન મળ્યું છે, જેમાં 52 ટકા લોકો આ નીતિના વિરોધમાં છે. લોકોમાં વાહનની માઈલેજ ઘટવા અને એન્જિનને નુકસાન થવાની ચિંતા મુખ્ય છે. સર્વેક્ષણ મુજબ, 52.8 ટકા લોકો માને છે કે E20 પેટ્રોલથી વાહનની માઈલેજ ઘટે છે અને 54.2 ટકા લોકોનું માનવું છે કે તેનાથી વાહનોને નુકસાન થાય છે. આ ઉપરાંત, 56.3 ટકા લોકોનું માનવું છે કે E20 પેટ્રોલ ફરજિયાત કરવું એ જૂના વાહનોના માલિકો સાથે અન્યાય હશે.

આ વ્યાપક વિરોધ વચ્ચે, 75.9 ટકા લોકોએ એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે ગ્રાહકોને ઈથેનોલ-મિશ્રિત અને સામાન્ય પેટ્રોલ વચ્ચે પસંદગી કરવાની છૂટ મળવી જોઈએ. તેમજ 74.5 ટકા લોકો માને છે કે E20 પેટ્રોલની કિંમત સામાન્ય પેટ્રોલ કરતાં ઓછી હોવી જોઈએ. જો કે, સરકારના એ દાવા સાથે 37.2 ટકા લોકો સંમત છે કે આ નીતિથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થશે.

### ટ્રેનના AC...

જોઈએ તો બિકાનેર ડિવીઝનમાં સૌથી વધુ 25.76 લાખ વસ્તુઓ ચોરાઈ છે, ત્યારબાદ રાંચીમાં 9.31 લાખ, દિલ્હીમાં 8.21 લાખ, મુંબઈમાં 8.17 લાખ, જોધપુરમાં 8.09 લાખ અને અમદાવાદમાં 6.94 લાખ વસ્તુઓ ગુમ થઈ છે. રેલવે પ્રવક્તાના જણાવ્યા મુજબ, આ નુકસાનની આર્થિક જવાબદારી કોન્ટ્રાક્ટરની રહે છે.

### જૂનમાં મોંઘવારી...

કાર, જીરું અને મોટરસાઈકલ જેવા સાધનોમાં ઓછો ફુગાવો જોવા મળ્યો હતો. રાષ્ટ્રીય સરેરાશ 4.38 ટકાની સામે ગ્રામીણ વિસ્તારો માટે ગ્રાહક ભાવ સૂચકાંક 4.74 ટકા અને શહેરી વિસ્તારો માટે 3.92 ટકા રહ્યો હતો. રાજ્યોમાં તેલંગાણામાં સૌથી વધુ (6.36 ટકા) અને મિઝોરમમાં સૌથી ઓછો (1.63 ટકા) ફુગાવો નોંધાયો હતો.

આરબીઆઈ પાસે ફુગાવાને 4 ટકાની આસપાસ રાખવાની જવાબદારી છે. જો કે, જૂનમાં વ્યાજદરો યથાવત રાખતી વખતે આરબીઆઈએ પેટ્રોલ-ડીઝલના ભાવવધારાને કારણે વર્ષ 2026-27 માટે ફુગાવાનો અંદાજ 4.6 ટકાથી વધારીને 5.1 ટકા કર્યો હતો. નિષ્ણાતોના મતે મોનસૂનની સ્થિતિ અને ક્રૂડ ઓઈલની અસ્થિરતા આગામી સમયમાં મુખ્ય પરિબળો રહેશે. 3થી 5 ઓગસ્ટ દરમિયાન યોજાનારી આરબીઆઈની આગામી નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠકમાં વ્યાજદરો યથાવત રહે તેવી શક્યતા છે.

વર્લ્ડ બેંકના ભૂતપૂર્વ ચીફ ઈકોનોમિસ્ટ કૌશિક બાસુએ ‘X’ પર પોસ્ટ કરીને કહ્યું કે, ભારતનો છૂટક ફુગાવો વધીને 4.38 ટકા થયો છે, જે આરબીઆઈના 4 ટકાના લક્ષ્યાંકને વટાવી ગયો છે. ખાદ્ય ફુગાવો તો તેનાથી પણ વધુ (5 ટકાથી ઉપર) છે. કેટલાક લોકો એ વાતથી રાહત અનુભવે છે કે આપણે ભૂતકાળમાં આનાથી પણ વધુ ફુગાવો જોયો છે, જ્યારે અન્ય લોકો માટે આ ચિંતાનો વિષય છે અને નીતિગત પગલાં લેવાનો સમય આવી ગયો છે.

### હવે નવો ઓઇલ...

આજે ઘણી સારી સ્થિતિમાં છે. ઉર્જા સુરક્ષાને વધુ અભેદ્ય બનાવવાની પ્રક્રિયા હજુ પણ ચાલુ છે.

માર્ચ મહિનામાં તેલ અને ગેસના પુરવઠામાં આવેલા અવરોધોએ અખાતી દેશો પર અતિશય નિર્ભર રહેવાના જોખમોને ખુલ્લા પાડી દીધા હતા, ત્યારબાદ નવી દિલ્હીએ શાંતિપૂર્વક તેની ઉર્જા સુરક્ષા વ્યૂહરચનાને નવો આકાર આપવાનું શરૂ કર્યું છે. સરકારી માલિકીની રિફાઈનરીઓએ મધ્ય પૂર્વ સિવાયના દેશોમાંથી ક્રૂડની ખરીદી વધારી છે, સ્પોટ-માર્કેટમાંથી ખરીદીમાં વધારો કર્યો છે, રશિયા, અમેરિકા અને પશ્ચિમ આફ્રિકા જેવા સપ્લાયર્સ પાસેથી આયાત વિસ્તારી છે અને વધુ લવચીક પુરવઠા વ્યવસ્થાઓ શોધી છે જે કોઈપણ એક ક્ષેત્ર પરની નિર્ભરતાને ઘટાડે છે. બ્લૂમબર્ગના જણાવ્યા અનુસાર, ભારતીય રિફાઈનરીઓ ટૂંકા ગાળાની ખરીદી અને વૈશ્વિક ટ્રેડિંગ હાઉસ સાથે વ્યાપક પુરવઠા કરારો તરફ વળી રહી છે, જે વિવિધ પ્રદેશોમાંથી ક્રૂડ મેળવે છે.

### ક્રૂડ ઓઇલના...

પછી આ ઘટાડો જોવા મળ્યો હતો.

વિશ્વભરના શેરબજારોમાં મિશ્ર પ્રવાહ જોવા મળ્યો હતો. અમેરિકન સ્ટોક ફ્યુચર્સમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં S|P 500 ફ્યુચર્સ 0.3 ટકા ડાઉન હતો જ્યારે ડાઉ જોન્સ (Dow) ફ્યુચર્સ લગભગ યથાવત હતો. નાસ્ડેક (Nasdaq) કમ્પોઝિટ ફ્યુચર્સમાં 0.9 ટકાનો ઘટાડો નોંધાયો હતો. એશિયન ટ્રેડિંગમાં, ટોક્યોનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ ૧.૯ ટકા ઘટીને ૬૭,૨૪૨.૭૩ પર બંધ થયો હતો, જ્યારે સિઓલમાં કોસ્પી ૯ ટકા ઘટીને ૬,૮૦૬.૯૩ પર આવી ગયો હતો. તે હવે એપ્રિલ પછીના તેના સૌથી નીચલા સ્તરે છે. એશિયામાં અન્ય સ્થળોએ, હોંગકોંગનો હેંગસેંગ ૦.૨ ટકા વધીને ૨૪,૨૧૨.૩૬ પર પહોંચ્યો હતો અને શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૨.૧ ટકા ઘટીને ૩,૯૧૩.૭૯ પર બંધ રહ્યો હતો. યુરોપિયન બજારના શરૂઆતના ટ્રેડિંગમાં, જર્મનીનો DAX 0.2 ટકા વધીને 25,105.55 પર પહોંચ્યો હતો અને પેરિસનો CAC 40 પણ 0.1 ટકાના મામૂલી વધારા સાથે 8,347.26 પર ટ્રેડ થઈ રહ્યો હતો. બ્રિટનનો FTSE 100 પણ માત્ર 0.1 ટકાના વધારા સાથે 10,506.86 પર હતો. ઓસ્ટ્રેલિયામાં, S|P/ASX ૨૦૦ ઈન્ડેક્સ ૮,૮૦૮.૫૦ પર લગભગ યથાવત હતો. ઈરાન સાથે સતત ચાલી રહેલી લડાઈ ક્રૂડના વૈશ્વિક પ્રવાહને કેવી રીતે અસર કરશે તે અંગેની ચિંતાઓ ઊર્જા ખર્ચ અને એકંદર ફુગાવા બંનેના અંદાજોને ધૂંધળા બનાવી રહી છે.

### અરૂણાચલમાં પૂરથી...

થયા છે અને ૨૯ લોકો ઘાયલ થયા છે. પૂરને કારણે પર્સી પાર્લો નામના એક દુર્ગમ સરહદી ગામમાં ઘણી અસર થઇ છે જ્યાં એક ચર્ચ, શાળા અને સરકારી ઇમારતોને નુકસાન થયું છે. રાજ્યમાં પૂરના કારણે ઓછામાં ઓછા ૯૭,૧૮૨ લોકો પ્રભાવિત થયા છે.

### હોર્મુઝ પર નિયંત્રણ...

સામુદ્રધુની પર શ્રેણીબદ્ધ હુમલાઓએ ફરીથી સંપૂર્ણ યુદ્ધ ફાટી નીકળવાનો અને વૈશ્વિક અર્થતંત્રને વધુ નુકસાન પહોંચાડવાનો ભય પેદા કર્યો છે.

અમેરિકન મિલિટરીના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે સોમવારે કરાયેલા હુમલામાં તેના દળોએ ડઝનબંધ સ્થળોને નિશાન બનાવ્યા હતા, જેમાં એર ડિફેન્સ સિસ્ટમ્સ, રડાર સાઈટ્સ, મિસાઈલ અને ડ્રોન સાધનો તેમજ નાની બોટોનો સમાવેશ થાય છે. યુરોપિયન યુનિયનના ટોચના રાજદ્વારી કાજા કલાસે આ સામુદ્રધુનીને યુદ્ધ પહેલાની જેમ ખુલ્લી રાખવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું, નેવિગેશનની સ્વતંત્રતાનું સન્માન થવું જ જોઈએ. બીજી બાજુ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુની અમારો પ્રદેશ છે, અને અમે દુનિયાના બીજા છેડેથી આવેલી એક બદમાશ અને માસૂમ બાળકોની હત્યારી સેનાને આમાં તેની ગેરકાયદેસર દખલગીરી ચાલુ રાખવા દઈશું નહીં.

સના એરપોર્ટ પર હવાઈ હુમલા બાદ યમને આગામી આદેશ સુધી દેશના તમામ એરપોર્ટ બંધ કરી દીધા છે. સિવિલ એવિએશન ઓથોરિટીએ તમામ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. યમન સરકારનો દાવો છે કે ઈરાની વિમાનને સના એરપોર્ટ પર ઉતરતા રોકવા માટે સેનાએ રનવે પર હુમલો કર્યો હતો. સરકારના જણાવ્યા અનુસાર, હૂથી બળવાખોરો ઈરાની વિમાનને લેન્ડ કરાવવા માટે મક્કમ હતા, તેથી આ કાર્યવાહી કરવામાં આવી છે.

**મધ્યસ્થીઓ હજુ પણ કરાર કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે**

ટ્રમ્પે ગયા અઠવાડિયે સંકેત આપ્યો હતો કે આ યુદ્ધમાં થયેલો વિરામ હવે પૂરો થઈ ગયો છે. પરંતુ પાકિસ્તાન, કતાર અને ઇજિપ્ત સહિતના મધ્યસ્થોએ યુદ્ધનો અંત લાવવા માટે અંતિમ કરાર સુધી પહોંચવાના પ્રયાસો ચાલુ રાખ્યા છે. આ સંવેદનશીલ વાટાઘાટો અંગે નામ ન આપવાની શરતે વાત કરતા મધ્યસ્થતામાં સામેલ એક પ્રાદેશિક અધિકારીએ જણાવ્યું હતું કે યુદ્ધવિરામને મજબૂત કરવાના પ્રયાસો રવિવારે પણ ચાલુ રહ્યા હતા. પાકિસ્તાને જણાવ્યું હતુ કે તેના વિદેશ મંત્રીએ ઈરાનના ટોચના રાજદ્વારી સાથે ફોન પર વાત કરી હતી અને બંને પક્ષોને તણાવ ઓછો કરવા વિનંતી કરી હતી.

### અમેરિકાના સાથી...

ન્યૂઝ એજન્સી અનુસાર ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા હતા. અર્ધ-સરકારી ઈરાની મીડિયાએ ઓમાનના અખાતના કિનારે આવેલા પૂર્વીય સિસ્તાન અને બલુચેસ્તાન પ્રાંતમાં પણ હુમલા થયા હોવાના અહેવાલ આપ્યા છે. અમેરિકાએ તેના હુમલા બંધ કર્યાના કલાકો પછી પણ આ હુમલા ચાલુ રહ્યા હતા - જેનાથી ખાડીના આરબ દેશો ઈરાન સામે જવાબી કાર્યવાહી કરી રહ્યા હોય તેવી શક્યતા ફરી વધી ગઈ છે. ગુરુવારે પણ ઈરાન પર કેટલાક અજાણ્યા હુમલા થયા હતા.

# બાંગ્લા દેશ જાપાન ઉપરાંત રશિયા સાથેના સંબંધો પણ ગાઢ બનાવી રહ્યો છે

ગરીબની પત્ની આખા ગામની ભાભી ગણાય છે તેમ કોઈ ગરીબ દેશનું શોષણ કરવા દુનિયાના ઘણા શ્રીમંત દેશો તૈયાર થઈ જાય છે. બાંગ્લા દેશની હાલત આવી છે. શેખ હસીના સરકારના ગયા પછી અને તારિક રહેમાન સરકારના ઉદય પછી બાંગ્લા દેશ મહાસત્તાઓ વચ્ચે યુદ્ધનું મેદાન બની રહ્યો છે. ચીન, અમેરિકા અને રશિયા પછી જાપાન પણ હવે બાંગ્લા દેશમાં પ્રવેશી ગયું છે. જાપાન હવે તારિક સરકાર સાથે તેના સંબંધોને મજબૂત બનાવવા માંગે છે. જાપાને બાંગ્લા દેશના વડા પ્રધાન તારિક રહેમાનને આગામી બે મહિનામાં ટોક્યોની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે. બાંગ્લા દેશના વડા પ્રધાન જાપાન ક્યારે જશે તે સ્પષ્ટ નથી. તારિક રહેમાન તાજેતરમાં ચીનના પ્રવાસેથી પાછા ફર્યા છે, જ્યાં તેમનું લાલ જાજમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. બાંગ્લા દેશી નિષ્ણાતો કહે છે કે વિશ્વની પાંચ મોટી શક્તિઓનું ધ્યાન તેમના દેશ પર છે.બાંગ્લા દેશમાં જાપાનના રાજદૂત સૈદા શિનિચીએ ૨૮ જૂનના રોજ વિદેશ પ્રધાન ખલીલુર રહેમાન સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન જાપાની રાજદૂતે તારિક રહેમાનને જાપાનની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું. ત્યાર બાદ, ૧ જુલાઈના રોજ એક જાપાની સંસદીય પ્રતિનિધિમંડળે બાંગ્લા દેશની મુલાકાત લીધી. આ પ્રતિનિધિમંડળે તારિક રહેમાન સાથે મુલાકાત કરી અને તેમને ટોક્યો આવવાનું આમંત્રણ આપ્યું. બાંગ્લા દેશી રાજદ્વારી સૂત્રોનું કહેવું છે કે ચીનની મુલાકાત પછી તારિક રહેમાનની જાપાનની મુલાકાત બાંગ્લા દેશની સંતુલિત વિદેશ નીતિ તરફ એક મોટું પગલું હશે. મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને વ્યૂહાત્મક આર્થિક ભાગીદારી પર ચર્ચા થશે. એ નોંધવું જોઈએ કે જાપાને બાંગ્લા દેશને તેની સ્વતંત્રતા પછી હંમેશા ઉદારતાથી ટેકો આપ્યો છે. જાપાને બાંગ્લા દેશને વ્યાપક આર્થિક સહાય પૂરી પાડી છે. બાંગ્લા દેશમાં મેટ્રો ટ્રેન, બંદર અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બનાવવામાં મદદ કરનાર જાપાન પહેલો દેશ હતો. જાપાન અને ચીન વચ્ચેનો વિવાદ ચરમસીમાએ પહોંચતો દેખાય છે. એવું માનવામાં આવે છે કે જાપાન ચીનના વધતા પ્રભાવનો સામનો કરવા માટે બાંગ્લા દેશ સાથેના તેના સંબંધોને મજબૂત બનાવી રહ્યો છે. તારિક રહેમાન હજુ સુધી ભારતની મુલાકાતે આવ્યા નથી.



તારિક રહેમાન બાંગ્લા દેશના વડા પ્રધાન બન્યા ત્યારે બધાનું ધ્યાન તેમના પહેલા વિદેશ પ્રવાસ પર કેન્દ્રિત હતું. ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની પ્રાથમિકતા ભારત હતી. ભારત સાથેના સંઘર્ષને ટાળવા માટે તારિક રહેમાન પહેલાં મલેશિયા ગયા હતા અને ત્યાંથી તેઓ ચીન ગયા, જ્યાં તેમનું લાલ જાજમથી સ્વાગત થયું. બાંગ્લા દેશ અને ચીન વચ્ચે મોંગલા બંદર, તિસ્તા નદી પ્રોજેક્ટ અને ચીન-મ્યાનમાર-બાંગ્લાદેશ કોરિડોર અંગે કરાર થયા હતા. આ સોદો હવે ચીનને ભારતના ચિકન નેક સુધી સરળ પહોંચ પ્રદાન કરશે. તારિક રહેમાને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી. શી જિનપિંગે જ ચીન-બાંગ્લા દેશ કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો હતો. બાંગ્લાદેશે હજુ સુધી આ પ્રસ્તાવને મંજૂરી આપી નથી. ભારત આ બાબત પર નજીકથી નજર રાખી રહ્યું છે. બાંગ્લા દેશ અને ચીન બંનેએ સ્પષ્ટતા કરી છે કે આ પ્રોજેક્ટ ભારતની વિરુદ્ધમાં નથી.

નિષ્ણાતો કહે છે કે બાંગ્લા દેશનું વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે. ચીન બાંગ્લા દેશમાં બેલ્ટ એન્ડ રોડ પહેલને પ્રોત્સાહન આપવા માંગે છે અને બંદરોથી લઈને કોરિડોર સુધી બધું જ બનાવવા માંગે છે. જાપાન બાંગ્લા દેશની મદદથી મુક્ત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને સપ્લાય ચેઈનનું વૈવિધ્યીકરણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકા બાંગ્લા દેશના સેન્ટ માર્ટિન ટાપુ પર નજર રાખી રહ્યું છે, જ્યાં તે ચીન અને ભારતની નજીક લશ્કરી થાણું સ્થાપિત કરવા અને બંગાળની ખાડીમાં પ્રવેશ મેળવવાની યોજના

**ટુ ધ પોઇન્ટ**
**▪ સંજય વોરા ▪**

ધરાવે છે. હાલમાં, અમેરિકા પાસે હિંદ મહાસાગરમાં ફક્ત ડિએગો ગાર્સિયા બેઝ છે, જે ખૂબ દૂર છે.

બાંગ્લા દેશી નિષ્ણાતો કહે છે કે ભારતે ચીન અને અમેરિકા બંને સાથે સ્પર્ધા કરવી પડશે. બાંગ્લા દેશમાં ચીન અને પાકિસ્તાનની વધતી ગતિવિધિઓના જવાબમાં ભારતે પોતાની સતર્કતા વધારી દીધી છે. ભારતીય નિષ્ણાતો કહે છે કે ચીન બાંગ્લા દેશ દ્વારા ભારતને ઘેરી લેવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે પાકિસ્તાન તણાવ ભડકાવવા માટે ઇસ્લામિક કટ્ટરપંથીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. પાકિસ્તાની અને બાંગ્લા દેશી સેનાઓ વચ્ચે સહયોગ વધી રહ્યો છે. બાંગ્લા દેશ ચીન પાસેથી J-10C ફાઇટર જેટ ખરીદવા જઈ રહ્યું છે, જે વિમાનનો ઉપયોગ પાકિસ્તાને ભારતના રાફેલ સામે કર્યો હતો. બાંગ્લા દેશ મોટા પાયે શસ્ત્રો ખરીદવા જઈ રહ્યું છે. આ કારણોસર ભારતે બાંગ્લા દેશ સરહદ પર તેની તૈયારીઓ મજબૂત બનાવી છે અને વાડના બાંધકામને ઝડપી બનાવ્યું છે. તારિક રહેમાન ભારતની મુલાકાત અંગે મૌન રહ્યા છે.

ભારત સરકારે તેમને ઘણા સમય પહેલાં આમંત્રણ આપ્યું હતું. તારિક અનવર ભારતથી નારાજ છે, કારણ કે ભારતે તેમના રાજકીય હરીફ શેખ હસીનાને આશરો આપ્યો છે. શેખ હસીના ડિસેમ્બર મહિનામાં ઢાકા પાછાં ફરે તે પછી કદાચ ફરક પડી શકે છે. રશિયા બાંગ્લા દેશમાં પરમાણુ ઊર્જા પ્લાન્ટ પણ ચલાવે છે.

રશિયા અને બાંગ્લા દેશ વચ્ચેના સંબંધોને ટેકનોલોજી, વેપાર અને રોજગારનાં ક્ષેત્રોમાં નવી ગતિ મળવાની અપેક્ષા છે. બાંગ્લા દેશના વિદેશ પ્રધાન ડૉ. ખલીલુર રહેમાનની રશિયા મુલાકાત દરમિયાન બંને દેશોએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), શ્રમ ભરતી, વેપાર વિસ્તરણ અને BRICS સભ્યપદ સહિત અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી. વડા પ્રધાનના વિદેશ બાબતોના સલાહકાર હુમાયુ કબીર ખલીલુર રહેમાનની રશિયાની ત્રણ દિવસીય મુલાકાતમાં તેમની સાથે હતા. બંને દેશોએ ખાસ કરીને કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં સહયોગ પર વિગતવાર ચર્ચા કરી હતી. આ દરમિયાન ખલીલુર રહેમાને કૃષિ અને આરોગ્યસંભાળમાં AI ના ઉપયોગ અંગેના નિષ્ણાતોનું એક રશિયન પ્રતિનિધિમંડળ બાંગ્લા દેશની મુલાકાત લેવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રશિયાએ બાંગ્લા દેશને તેની રાષ્ટ્રીય AI નીતિ ઘડવામાં મદદ કરવાની પણ ઓફર કરી છે. વધુમાં, તેણે બાંગ્લા દેશમાં AI-સંબંધિત શ્રેષ્ઠતા સંસ્થાઓની સ્થાપનાને સમર્થન આપવામાં રસ દર્શાવ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે રશિયન અધિકારીઓએ બાંગ્લાદેશની રાષ્ટ્રીય AI નીતિ ઘડવામાં અને દેશમાં AI કેન્દ્રો સ્થાપિત કરવામાં સહયોગ કરવાની તૈયારી દર્શાવી છે.

બંને દેશોના નેતાઓએ રોજગાર પર પણ મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ કરી હતી. બાંગ્લા દેશે આગામી વર્ષમાં રશિયામાં તેના કામદારોની સંખ્યા વધારીને ૧૦૦,૦૦૦ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. વિદેશ મંત્રાલયના એક નિવેદન અનુસાર વિદેશ મંત્રી ડૉ. ખલીલુર રહેમાને રશિયન અધિકારીઓ સમક્ષ આ પ્રસ્તાવ રજૂ કર્યો, જેઓ આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સંમત થયા છે. હાલમાં રશિયામાં આશરે ૧૦,૦૦૦ બાંગ્લાદેશી નાગરિકો કાર્યરત છે. ખલીલુર રહેમાને રશિયન બજારમાં બાંગ્લાદેશી ઉત્પાદનો, ખાસ કરીને તૈયાર વસ્ત્રો અને ફાર્માસ્યુટિકલ્સની નિકાસમાં ઝડપી વૃદ્ધિની સંભાવના પર પ્રકાશ પાડ્યો. રશિયાએ આ પ્રસ્તાવનું સ્વાગત કર્યું અને આગામી અઠવાડિયામાં બાંગ્લાદેશી વ્યાપાર પ્રતિનિધિમંડળનું આયોજન કરવામાં રસ દર્શાવ્યો.

રશિયાની રાજ્ય સમાચાર એજન્સી TASS એ સોમવારે રશિયન વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે નવા BRICS સભ્યોને પ્રવેશ આપવાની પ્રક્રિયા હાલમાં અસ્થાયી રૂપે બંધ છે. આ પ્રક્રિયા ફરી શરૂ થતાં જ રશિયા BRICSમાં બાંગ્લા દેશની ઉમેદવારીનું સ્વાગત કરશે. TASS અનુસાર, સેરગેઈ લવરોવે કહ્યું હતું કે નવા સભ્યોને પ્રવેશ આપવા પરનો વર્તમાન પ્રતિબંધ સમાપ્ત થયા પછી રશિયા BRICS સભ્યપદ માટે સંભવિત ઉમેદવાર તરીકે બાંગ્લા દેશને સમર્થન આપશે. રશિયા અને બાંગ્લા દેશ માત્ર વેપાર અને રોજગારમાં જ નહીં, પરંતુ અદ્યતન ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા અને વૈશ્વિક પ્લેટફોર્મમાં પણ તેમના સહયોગને ફરીથી દિશા આપવાનો ઇરાદો ધરાવે છે. જો પ્રસ્તાવિત યોજનાઓ અમલમાં મૂકવામાં આવે તો બાંગ્લા દેશના કૃષિ, આરોગ્ય અને ટેકનોલોજી ક્ષેત્રોમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**તારિક અનવર ભારતથી નારાજ છે, કારણ કે ભારતે તેમનાં રાજકીય હરીફ શેખ હસીનાને આશરો આપ્યો છે. શેખ હસીના ડિસેમ્બર મહિનામાં ઢાકા પાછાં ફરે તે પછી ફરક પડી શકે છે**

### દિલ્હી ડાયરી...

ધારાસભ્યો ફોનનો જવાબ ન આપે તો આજકાલ પક્ષના વડાઓ ભારે ગભરાઈ જાય છે. કોંગ્રેસ નેતૃત્વને તાજેતરમાં જ આવી તણાવપૂર્ણ ક્ષણોનો સામનો કરવો પડ્યો હતો જ્યારે પંજાબના નેતાઓને તેમની આંતરિક જૂથબંધીની લડાઈઓ ઉકેલવા માટે દિલ્હી બેઠકમાં બોલાવવામાં આવ્યા હતા. બેઠક શરૂ થાય તે થોડીવાર પહેલાં જ ગેરહાજર રહેલા રાજ્યના નેતાઓનો સંપર્ક કરવા માટે ઉતાવળે ફોન કરવામાં આવ્યા હતા, પરંતુ કેટલાક ફોન લાગ્યા નહોતા જ્યારે કેટલાક ફોન સ્વીચ ઓફ હતા. ત્યાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો કારણ કે કોંગ્રેસ પંજાબમાં તૃણમૂલ કોંગ્રેસ જેવી નિષ્ફળતાનું પુનરાવર્તન સહન કરી શકે તેમ નથી, જ્યાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. જ્યારે પંજાબના નેતાઓ એક પછી એક આવવા લાગ્યા ત્યારે પક્ષે સામૂહિક રાહતનો શ્વાસ લીધો હતો.

**પક્ષપલટો કરાવવા વિપક્ષી નેતાઓ પર દબાણની રણનીતિ**

તૃણમૂલ કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનામાં પક્ષપલટો કરાવવાનું આયોજન ભારતીય જનતા પાર્ટી દ્વારા સમજી-વિચારીને કરવામાં આવ્યું હતું, જેની શરૂઆત દરેક સંભવિત પક્ષપલટુની કમજોરીને ઓળખીને કરવામાં આવી હતી. તૃણમૂલ કોંગ્રેસના એક વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મંત્રીનો કિસ્સો જુઓ. લાંબા સમય પછી સંસદમાં પરત ફર્યા હોવાથી તેમને ટાઇપ VIII બંગલાના હકદાર હોવા છતાં એક ફ્લેટ ફાળવવામાં આવ્યો હતો. ત્યાર બાદ તૃણમૂલના નેતાએ બંગલાની ફાળવણી માટે અરજી કરી હતી, જેને સત્તાવાળાઓ દ્વારા અપેક્ષા મુજબ પેન્ડિંગ રાખવામાં આવી હતી. એ વાતમાં કોઈ નવાઈ નહોતી કે જ્યારે તેમના સાથીદારો ભાજપમાં જોડાઈ રહ્યા હતા, બરાબર તે જ સમયે તૃણમૂલના નેતાને જાણ કરવામાં આવી હતી કે તેમને ટૂંક સમયમાં બંગલો ફાળવવામાં આવશે. જોકે, આ ઓફર નકારી કાઢવામાં આવી હતી. કારણ કે, ભૂતપૂર્વ મંત્રી આ જાળમાં ફસાયા નહોતા. તેમણે પોતાના વર્તમાન આવાસમાં રહેવાનું અને મમતા બેનર્જી સાથે ટકી રહેવાનું વધુ પસંદ કર્યું. આ માત્ર એક જ કિસ્સો છે. ચોક્કસપણે કહી શકાય કે વિરોધ પક્ષોમાંથી પક્ષપલટો કરનારા દરેક નેતાની આવી જ કોઈને કોઈ વાર્તા છે. એવું લાગે છે કે ભાજપના સંચાલકો અને પક્ષના ટોચના નેતાઓએ વિપક્ષી સાંસદોને તોડવા માટે તમામ હદો વટાવી દીધી છે.

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
ખજાના-શોધની રોમાંચક સફર
ધમાલ-4
૧૨.૩૦, ૧૨.૪૫, ૩.૩૦, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦
હાસ્યનું હુલ્લડ
વેલકમ ટુ ધ જંગલ
અક્ષયકુમાર, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી
બે શો: ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
ધમાલ - 4
આલ્ફા
વેલકમ ટુ ધ જંગલ
એવલ ડેડ બર્ન
કોકટેલ-2
જીંદગી વન્સ મોર | મોના | રંગા | નાગબંધનમ્

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
ખજાના-શોધની રોમાંચક હસાવતી- કોમેડી સફર
ધમાલ - 4
૧૧.૧૫, ૧૨.૪૫, ૨.૦૦, ૩.૩૦, ૪.૪૫, ૬.૧૫, ૭.૩૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૦, ૧૦.૧૫
વેલકમ ટુ ધ જંગલ
૧૨.૩૦, ૬.૩૦
આલ્ફા
૩.૪૫